*Jayashree Athavale-Talwalkar (Didi)*

Tattwajnana Vidyapeeth, Nirmal Niketan, 2, Dr. Bhajekar Street, Mumbai- 400004. India.
Tel. +91 22 2386 4919 +91 22 2386 6986 Fax : +91 22 2386 6435 E-mail : nirmalniketan@svs.edu.in

૩ માર્ચ ૨૦૨૬



પ્રતિ,
સંત ભગવંત સાહેબજી મહારાજ,
અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ,
યોગીજી માર્ગ, મોગરી-૩૮૮૩૪૫,
તા. જી. - આણંદ, ગુજરાત.

સસ્નેહ નમસ્કાર.

આજના આપના વર્ધાપન દિન નિમિત્ત, મારા અને મારી સાથે અખિલ સ્વાધ્યાય પરિવારના આપને નમસ્કાર સહિત અભિનંદન.

આપના જેવા લોકો પ્રભુ વિશેષ હેતુ સહ, વિશેષ કાર્ય માટે મોકલતા હોય છે. અનેક લોકોને પ્રભુ તરફ વાળવાનું, તેમના જીવનમાં શાંતિ, માનસિક સ્વાસ્થ્ય લાવવાનું અને લોકોના જીવનને દિશા આપવાનું મહત્તમ કામ પ્રભુએ આપના હાથે કરાવ્યું. સમાજમાં સાત્ત્વિકતા ઊભી કરવા પ્રભુએ આપને નિમિત્ત બનાવ્યા. આવા ચરિત્રને મળવાનો, સંવાદ સાધવાનો આનંદ યોગેશ્વર ભગવાને મને આપ્યો એ મારું ભાગ્ય છે.

પ્રભુ આપને નિરામય સ્વાસ્થ્ય આપશે એનો મને વિશ્વાસ છે. કારણ માનવ સમાજને આપની આવશ્યકતા છે. ભગવત્કૃપા મેળવનારને અમે સહુ શુભેચ્છા શું પાઠવીએ? આપને મળવાની આતુરતા છે.

આપની નાની બહેન,

દીદી

દીદી.

---

Shrimad Rajchandra Mission
Dharampur

*Realise one's True Self and serve others selflessly*

ૐ શ્રી પરમકૃપાળુદેવાય નમઃ



પ્રતિ,
શ્રી સંત ભગવંત સાહેબજી,
શ્રી અનુપમ મિશન,
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ,
મોગરી (તા. જિ. આણંદ)
ગુજરાત - ૩૮૮ ૩૪૫

ભવ્ય ભગવાહૃદય, સ્વાશ્રયી સાધુરૂપ, પૂજ્ય સાહેબજી,

ધર્મોપદેશ, ધ્યાન અને ધૂનની ધૂણી ધખાવી વિશ્વભરમાં અધ્યાત્મ, સમાજ-ઉત્કર્ષ અને સંસ્કૃતિના સમન્વયથી આનંદ અને શાંતિનો માર્ગ પ્રકાશિત કરનાર એવા આપની ૮૬ મી જન્મજયંતીના શુભ અવસરે હાર્દિક અભિનંદન અને અભિવંદન!

અક્ષર અને અદ્વૈત તત્ત્વની ઉપાસના અને માનવસેવા એ જ પ્રભુસેવાનો મંત્ર સાકાર કરતી આપની ઉપસ્થિતિ ગુણાનુરાગી બનવા પ્રબળ પ્રેરણા બની જાય છે. સદ્દગુરુના આજ્ઞાપાલનમાં નિષ્ઠા એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો આરંભ છે.

યુવાચારિત્ર્યનિર્માણ, સ્વાસ્થ્ય અને શિક્ષણસેવા, પર્યાવરણ સંવર્ધન અને સાંસ્કૃતિક વિકાસ આપના અધ્યાત્મ વિતરણનાં અવિભાજ્ય અંગ બની રહ્યાં છે. વેશ અને વર્ણની પાર વ્હાલ અને વિશ્વાસની શાલીનતા માનવને રત્ન બનાવે છે, એમ આપે પ્રમાણિત કર્યું છે.

આપની પ્રેરણાદાયી, સામાજિક સુવિધા અને વિકાસલક્ષી ભાવના અને પ્રવૃત્તિઓનો વ્યાપ વર્ધમાન રહે, આપનું જીવન સુદીર્ઘ અને નિરામય બની રહે, એવી અંતરની ભાવના.

સંતોની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી પાંગરે છે પુષ્પો, જેમાં અધ્યાત્મની સુગંધ છે, પ્રસન્નચિત્ત સેવાનો રંગ છે, અનુકંપાભરી કોમળતાનો સ્પર્શ છે. ખીલે છે એક આનંદ ઉપવન!

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

ધર્મસ્નેહાધીન,

(પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજી)

તા. ૨૩.૦૩.૨૦૨૬

International Headquarters: Shrimad Rajchandra Ashram, Shrimad Rajchandra Marg, Dharampur-396050, District-Valsad, Gujarat, India. | Tel. no. : +91 72850 40000 | Website: www.srmd.org

---

શ્રીવલ્લભકુલભુષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય.પાદ.ગોસ્વામી ૧૦૮

**શ્રીવ્રજરાજકુમારજી મહોદયશ્રી**

(જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી પીઠ)



જન્મ દિવસ

**શુભેચ્છા સંદેશ**

**જસભાઈ સાહેબ** તારીખ: ૨૩/૩/૨૦૨૬

**આજે આપના જન્મ દિવસ પ્રસંગે આપને હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ.**

સત્કર્મની સુવાસથી જીવનને સુગંધિત કરવાનો લક્ષ્ય સાધવા મનુષ્ય જીવનનું પ્રથમ પગલું જન્મ દિવસ જ હોય છે. આપના જીવનનું આવનારું વર્ષ શ્રીપ્રભુની અનુકંપાથી દિવ્યતાના સાનિધ્યમાં શ્રેષ્ઠ આરોગ્ય સાથે કાર્યક્ષેત્રે સફળતાને સાધીને પ્રેમ,આનંદ,વિશ્વાસ અને ઉલ્લાસ સાથે નવીન ઉર્જાથી ભરપૂર ઉત્સવથી પલ્લવિત બની રહે એવી અંતર હૃદયની શુભેચ્છા પાઠવીએ છીએ.

**જન્મ દિવસ એ સત્સંકલ્પનો એક શ્રેષ્ઠ દિવસ હોય છે જે સમયે લૌકિક સાંસારિક જવાબદારીઓ,વ્યક્તિગત લક્ષ્યોને પ્રાપ્ત કરવાના અભિગમમાં જયારે સતત આપણે કાર્યરત હોઈએ છે એ તમામ પરિસ્થિતિમાં એક સત્સંકલ્પ જે સમાજના કલ્યાણ કાજે, માનવતાના કલ્યાણ કાજે,પ્રકૃતિના લાભાર્થે અથવા તો રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ હોય આ તમામ પૈકી કોઈ એક સત્સંકલ્પથી આપના જન્મદિવસે સંકલ્પિત બનીને આપના જીવન ઉત્સવને કૃતાર્થ કરો એવી લાગણી સાથે આપને વિશેષ આહ્વાન કરીએ છીએ.**

પુનઃ આપના જન્મ દિવસ પ્રસંગે; પ્રભુ આપની દરેક સિદ્ધિઓને નવો વેગ પ્રદાન કરે તેમજ જીવનના પ્રત્યેક પડાવ પર આપને માર્ગદર્શન પૂરું પાડતાં રહે એવી શુભકામના પ્રદાન કરીએ છીએ.

ભવદીય

વ્રજધામ આધ્યાત્મિક સંકુલ

ગોસ્વામી વ્રજરાજકુમાર

ગોસ્વામી વ્રજરાજકુમારજી

શ્રીવ્રજરાજજી કાર્યાલયમ

⊙ વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ⊙ VYO શ્રીનાથધામ હવેલી

---

Sanskruti Vistarak Sangh

"NIRMAL NIKETAN" 2, DR. BHAJEKAR STREET, MUMBAI-400 004.
TEL.: 2386 4919, 2386 6986, 2386 2569
P.T.R. No. E-2424 (Bom.)

પ્રતિ,
શ્રી સંતભગવંત સાહેબજી મહારાજ, ૨૯/૦૩/૨૦૨૬
"અનુપમ મિશન"
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી, આણંદ.

આપની સકુશળતા ઇચ્છતા સ્વાધ્યાય પરિવારના સાદર વંદન સ્વીકારશો. ગયા અઠવાડિયે ઉપાસના ધામ (વેમાર) સ્થિત શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીનો દશાબ્દી પાટોત્સવ આપની ઉપસ્થિતિમાં ઉલ્લાસથી ઉજવાયો.

તે પ્રસંગે, આપની પ્રેરણાથી પરમ પૂજનીય દીદીજીને "શાલીન માનવ રત્ન" સન્માનથી વિભૂષિત કરાયા. આ યાદગાર સન્માનથી અખિલ સ્વાધ્યાય પરિવાર પ્રસન્ન છે અને અંતઃકરણથી આપનો કૃતજ્ઞ છે; કેમકે આ સન્માન દ્વારા આપે પરમ પૂજનીય દીદીજીના અવિરત છૂપા કર્મયોગને અલંકૃત કર્યો. તમારી આ વિશુદ્ધ ભાવનામાં યોગીજી મહારાજના પણ ભારોભાર આશિષ સમાયેલા છે તેવી અમારી લાગણી છે. એટલે જ તે દિવસે મંચ ઉપરથી જ્યારે પરમ પૂજનીય દીદીજી અને આપના સંબોધનો સૌએ ઝીલ્યાં, ત્યારે જાણેકે પરમ પૂજનીય દાદાજી અને યોગીજી મહારાજ ત્યાં સાક્ષાત ઉપસ્થિત હોય તેવી સૌને અનુભૂતિ થઈ. આ સન્માન નિમિત્તે ઔપચારિકતાને છોડી દઈને આપે પરમ પૂજનીય દીદીજી માટે વરસાવેલા છલોછલ સ્નેહના દર્શન સમગ્ર સ્વાધ્યાય પરિવારને થયાં છે. પરમ પૂજનીય દીદીજી અને આપની વચ્ચે જે સહજ સંવાદો થયા, તેનાથી આપણી વચ્ચે રચાયેલી પારિવારિક હૂંફ અમે અનુભવીએ છીએ.

પરમ પૂજનીય દાદાજીને લીધે આપની સંગાથે, તેમ જ અનુપમ મિશન, સદ્દગુરુ સાધુ અશ્વિનદાદા, મનોજદાસજી અને પીટરદાસજી જેવા પ્રેમાળ સંતોની સાથે દૈવી સંબંધ બંધાયો છે. એ સબંધ સદાય હર્યોભર્યો ખીલતો રહે એ જ ભાવથી આપને સ્વાધ્યાય પરિવારના પુનઃ સાદર નમસ્કાર પાઠવીએ છીએ.

"સ્વાધ્યાય પરિવાર" વતી,

કમલેશભાઈ શાહ
(મો. 93248 90465)